મોરદેવીમાં બોગસ રોયલ્ટી પાસ બનાવી માટી તસ્કરી કૌભાંડ!

જંગલમાંથી રસ્તો કરી આપતા સ્થાનિક તંત્રની સંડોવણીની આશંકા પ્રબળ

વ્યારા: વાલોડ તાલુકાનાં મોરદેવી ગામે જંગલ માર્ગે બોગસ રોયલ્ટી પાસ બનાવી માટીની તસ્કરીનું મોટાપાયે કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. જંગલ વિસ્તારમાંથી રસ્તો કરી આપતા અહીં માટી તસ્કરી પ્રકરણમાં સ્થાનિક તંત્રની સંડોવણીની આશંકા પ્રબળ બની છે. મોરદેવીમાંથી માટી જે સ્થળે ઠાલવવા મંજુરી અપાઇ તે સ્થળે માટીનાં જથ્થાની ચકાસણી કરવામાં આવે તો વસુલાયેલ રોયલ્ટી કરતાં દસ ગણો જથ્થો રોયલ્ટી વિનાનો મળી આવે તેમ છે. જે સ્થળે માટી ખનનની પરમીશન અપાઇ તે સ્થળે ફાટેલ રોયલ્ટી પાસ કરતાં વધુ માટી ઉલેચાયાનું નરી આંખે દેખાય છે. કહેવાય છે કે એના નજીક એક્સ્પ્રેસ- વેની કામગીરીમાં ધોરીમાર્ગનાં રસ્તાનાં પુરાણમાં આ માટીનો બેફામ ઉપયોગ કરાઇ રહ્યો છે. અહીં સરકારી તિજોરી પર રોયલ્ટીનો ભાર ઝીંકી ખાનગી એજન્સીને બખ્ખાં કરાવતા સરકારને રોયલ્ટી ચોરીનાં નામે કરોડોનો ફટકો પડ્યો, તેમાં સ્થાનિક તંત્રની કાર્યપ્રણાલી આપોઆપ શંકાનાં દાયરામાં આવી છે.

મોરદેવી ગામે માટી ખનન સ્થળે વજન કાંટો નથી. તેનાથી ભુસ્તર અધિકારી પણ વાકેફ છે. રોયલ્ટી પાસ ઇસ્યુ કર્યા પછી તેનો અમલ થાય છે કે કેમ? તે જોવાની તસદ્દી પણ લીધી નથી. પરમિશન પછી વજન કાંટો મુકવો જોઇએ, જેથી ઓવરલોડ જથ્થો લોડ ન થાય, રોયલ્ટી પણ ગાડીનું વજન થયા પછી ઇસ્યુ થતી હોય છે. પણ મોરદેવીમાં આવો કોઇ નિયમ અમલમાં નથી. વજન કાંટો ન હોવાથી બેફામ ઓવરલોડ ડમ્પરો દોડી રહ્યાં છે, જેની સામે ભુસ્તરનાં અધિકારી કે રોયલ્ટી ઇન્સ્પેક્ટરોએ કોઇ ખાસ કાર્યવાહી કરી નથી. જેનો લાભ સરકારી તિજોરીને બદલે માટી માફિયાઓને થઈ રહ્યો છે. ઓવરલોડ વાહનો સામે આરટીઓની કાર્યવાહી થાય તો એક જ દિવસમાં ૨૦૦થી વધુ વાહનો ઓવરલોડ ઝડપાઇ જાય, પણ કાર્યવાહી કરે કોણ ?

માટી માફિયાઓ તંત્રનાં મેળાપીપણામાં ઓવરલોડ, રોયલ્ટી ચોરી સાથેનાં વાહનો દોડાવી રહ્યાં છે. જાણે આટલું ઓછુ હોય તેમ જંગલ માર્ગે આશરે અઢી કિ.મી. થી વધુનો રસ્તો બનાવી આ માટીની જંગલ માર્ગે હેરાફેરી કરી રહ્યા છે.

અખબારી અહેવાલે સરકારી ફરજ વિસરી ગયેલા નફ્ફટ અધિકારીઓનું ધ્યાન દોર્યુ છતાં હજુ સુધી આરટીઓ, ભુસ્તરની જેમ વન વિભાગનાં અધિકારીઓ પણ જંગલ માર્ગે થતી માટીની તસ્કરી કે રોયલ્ટી ચોરી અટકાવી શક્યા નથી.

અહીં કહેવાતા નેતાઓ માટી તસ્કરીમાં ભાગબટાઇનો વેપલો કરી માટી તસ્કરી એનકેન પ્રકારે ધમધમતી રહે, માટે વન વિભાગ પર દબાણ લાવી સ્થાનિકોની અવર જવરનાં નામે રસ્તો ખુલ્લો મુકવાની ભલામણ કરતા રહ્યાં છે. પણ વાસ્તવિકતા જુદી છે. એકલ-દોકલ સ્થાનિકો આ રસ્તાનો ઉપયોગ કરે તેનો કોઇ વિરોધ નથી, પણ તેની આડમાં માટી માફિયાઓનાં ૨૦૦થી વધુ ફેરા થઈ જાય છે. ત્યારે વન વિભાગે આ જંગલનો રસ્તો માત્ર માટીની તસ્કરી માટે જ ખુલ્લો મુકાયોનો આભાસ આમ નાગરીકોને થાય છે.

ગુજરાતમિત્રના અહેવાલના પગલે જંગલનો રસ્તો બંધ કર્યો છે

જંગલનાં માર્ગે ઘણા સમયથી માટી ઉલેચવામાં આવી રહી છે. આ માટી એક્સપ્રેસ-વેની કામગીરીમાં વપરાઇ રહી છે. ગુજરાતમિત્રના અહેવાલ પછી આ જંગલનો રસ્તો ભારે વાહનોની અવરજવર માટે બંધ કરી દેવામાં આવશે. જંગલ માર્ગે માટીની હેરાફેરીને છૂટ આપવામાં આવી નથી.

- અનિલભાઇ પ્રજાપતિ, આરએફઓ, વન વિભાગ-વ્યારા, જિ.તાપી

કીમ ચાર રસ્તા ખાતે દંપતી ઉપર હુમલો કરનારા સામે આખરે ફરિયાદ દાખલ

'તું અમારી પાસેથી પનીર કેમ લેતો નથી?' કહી દંપતીને માર માર્યો હતો

ગુજરાતમિત્ર પડઘો

હથોડા: ત્રણ દિવસ પહેલા કીમ ચાર રસ્તા ખાતે ડેરી ચલાવતા દંપતી ઉપર લોખંડના સળિયા વડે કેટલાકે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી આતંક મચાવ્યો હતો. આ બાબતે સજ્જડ પુરાવા હોવા છતાં પોલીસે ફરિયાદ ન લેતાં ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થયો હતો. જેના ભાગરૂપે આખરે પાલોદ પોલીસે દંપતી ઉપર હુમલો કરી આતંક મચાવનારની સામે ફરિયાદ દાખલ કરી હતી.

આ ઘટનાની વિગત એવી છે કે, મૂળ રાજસ્થાનનો વતની અને કીમ ચાર રસ્તા ખાતેના આશિયાના કોમ્પ્લેક્સ ખાતે પત્ની સાથે રહી કીમ ચાર રસ્તા ખાતે ચામુંડા ડેરી ચલાવતા બુધારામ આસારામ દેવાશીની દુકાને સાયણ ખાતે રહેતા સર્વણ બિશ્નોઇ ભરવાડ સાથે ઘસી આવી બુધારામને કહ્યું હતું કે, તું અમારી પાસેથી પનીર કેમ લેતો નથી? એમ જણાવીને નાલાયક ગંદી ગાળો આપીએ ભરવાડે લોખંડના સળિયા વડે હુમલો કરતાં બુધારામે જમણો હાથ આડો કરતાં હાથમાં ઇજા થઈ હતી. ભરવાડે બુધારામની પત્નીને પણ ધક્કે ચડાવી હતી. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. આ બાબતે પાલોદ પોલીસ ચોકીમાં ફરિયાદ દાખલ કરવા લેખિત ફરિયાદ આપી સીસીટીવી કેમેરાનાં ફૂટેજ પણ પોલીસને આપ્યાં હતાં. પરંતુ બે દિવસ સુધી પોલીસે માત્ર અરજી સ્વીકારી ગાડું ગબડાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ બુધારામે ફરિયાદ દાખલ કરવા મક્કમતા દાખવતાં આખરે પાલોદ પોલીસે ઘટનાની એફઆઇઆર દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાલોડના ડોડિયા ફળિયામાં પાડા-ભેંસોની તસ્કરી

વ્યારા: વાલોડ ગામમાં ડોડિયા ફળિયામાં તબેલામાંથી ત્રણ ભેંસ અને એક પાડાની તસ્કરો ચોરી કરી ફરાર થઈ જતાં પશુપાલકના માથે આભ તૂટી પડ્યું હતું. આ ઘટનાથી અન્ય પશુપાલકો પણ ચિંતિત બન્યા છે. વાલોડના ડોડિયા ફળિયામાં રહેતા પશુપાલક નીતિન રણજીતસિંહ પરમારે ગત મધ્ય રાત્રિ દરમિયાન તેમના પશુધનના તબેલામાંથી ત્રણ મોટી ભેંસ અને એક પાડાની ચોરીની જાણ સવારે ભેંસનું દૂધ કાઢવા જતાં થઈ હતી. ત્રણ ભેંસ અને એક પાડો ગાયબ હતો. આ અંગે તપાસ કરતાં કોઈક અજાણ્યા વાહનનાં ટાયરનાં નિશાન સ્થળ પરથી નજરે પડ્યાં હતાં. આ પશુધનને રાત્રે ઘર નજીકથી વાહનમાં ભરી ચોરી કરી ગયા હતા. ત્રણ દુધાળી ભેંસ કિં. ૯૦ હજાર અને પાડા ચોરાઈ જતાં પશુપાલકના માથે મુશ્કેલીનું આભ ફાટ્યું છે. પશુપાલનમાંથી દૂધની આવક થકી તેમનું ગુજરાન ચાલતું હતું. અચાનક આ ત્રણ ભેંસ અને એક પાડો ચોરાઈ જતાં પશુપાલક આર્થિક ભીંસમાં મુકાયો છે.

તરસાડીનો બુટલેગર જિગ્નેશ પટેલ આખરે પાસામાં ધકેલાયો

હથોડા: તરસાડીનો કુખ્યાત બુટલેગર જિગ્નેશ પટેલ ઉર્ફે જીગો સુરત રેલવે પોલીસની હદમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયો હતો. અને તરસાડી હદ વિસ્તારમાં દારૂની રેલમછેલ કરનાર બુટલેગર જિગ્નેશને રેલવે પોલીસે પાસાની કાર્યવાહી માટેની પ્રોસિજર કરતાં અને પાસાની મંજૂરી મળતાં આખરે સુરત રેલવે પોલીસના પી.આઈ. વી.એન.આહીરના માર્ગદર્શન હેઠળ રેલવે પોલીસે જિગ્નેશ ઉર્ફે જીગો કૌશિક પટેલની પાસા હેઠળ ધરપકડ કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

બારડોલી જનતા કો.ઓ. ક્રેડિટ સોસાયટી નફામાંથી સભાસદોને ૧૨% ડિવિડન્ડ આપશે

સંસ્થાની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા મળી, સભામાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયાં

બારડોલી: બારડોલી જનતા કો-ઓ.ક્રેડિટ સોસાયટી લિ.ની 24મી વાર્ષિક સામાન્ય સભા સંસ્થાના પ્રમુખ નિરંજન માનાજી મિસ્ત્રીના અધ્યક્ષ સ્થાને મળી હતી. આ સભામાં વર્ષ દરમિયાન સામાજિક, શૈક્ષણિક, રાજકીય અને સહકાર ક્ષેત્રની હસ્તીઓ તથા નામી-અનામી સભાસદોના અવસાનની નોંધ લઇ ઊભા થઇ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બાદ અધ્યક્ષે પોતાના સ્વાગત પ્રવચનમાં સંસ્થાનાં ૨૪ વર્ષના વિકાસનો વિસ્તૃત ચિતાર આપ્યો હતો. તા.૩૧-૦૩-૨૦૨૪ના રોજ સંસ્થાની કુલ થાપણ ૮૭.૦૭ કરોડ અને કુલ ધિરાણ રૂ. ૫૭.૩૨ કરોડ મળી કુલ રૂ.૧૪૪.૩૯ કરોડ બિઝનેસ ધરાવતી આ સંસ્થાનું સુકાન સોંપવા બદલ થાપણ મૂકનાર તથા ધિરાણ મેળવનાર તમામ સભાસદોનો આભાર વ્યક્ત કર્યો હતો.

અધ્યક્ષે જણાવ્યું હતું કે, સંસ્થાએ તા.૨૯-૪-૨૦૦૦ના રોજ 24 વર્ષ પૂર્ણ કરી 25મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે વર્ષ ૨૦૨૪-૨૦૨૫ના વર્ષને "રજત જયંતી વર્ષ" તરીકે ઉજવવા સામાન્ય સભાની બહાલી મેળવી જણાવ્યું કે, સભાસદોને રૂ.૨૦૦૦ સુધીની ગિફ્ટ આપવા માટે સંયુક્ત રજિસ્ટ્રાર, ગાંધીનગર પાસે જરૂરી પરમિશનની કાર્યવાહી ચાલુ છે. આ વર્ષથી સંસ્થાના વાર્ષિક અહેવાલ અને સામાન્ય સભાની જાણ SMS દ્વારા તથા સંસ્થાની વેબસાઇટ bardolijanta.com ઉપર પ્રકાશિત કરવાના નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. વર્ષ દરમિયાન જરૂરી કાયદાકીય સલાહ આપવા બદલ જે.જે.શાહ (નિવૃત્ત સંયુક્ત મદદનીશ રજિસ્ટ્રાર, ગાંધી નગર), મે.જિલ્લા રજિસ્ટ્રાર, સુરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ભાવેશભાઇ પટેલ તથા નગરની અન્ય સંસ્થાનાં હોદ્દેદારોનો આભાર માન્યો હતો.

વર્ષ દરમિયાન ઉપપ્રમુખ મનીષભાઇ, માનદ મંત્રી જગદીશભાઇ, સહમંત્રી નિલેશભાઇ તથા કા.સભ્યોએ આપેલી નોંધપાત્ર સેવાની નોંધ લીધી હતી તથા વર્ષ દરમિયાન સંતોષકારક કામગીરી કરનાર મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિ તથા કર્મચારીગણની કામગીરીને બિરદાવી હતી. તથા વર્ષ ૨૦૨૩-૨૪ના નફામાંથી સભાસદોને ૧૨ ટકા ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી હતી.

પેટા કાયદા નં.૩૧ મુજબ સંસ્થાના મેનેજર દિનેશચંદ્ર પ્રજાપતિએ એજન્ડા મુજબની કાર્યવાહી કરી હતી. સભામાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. આભાર વિધિ ઉપપ્રમુખ મનીષભાઇ પટેલે કરી હતી તથા સમગ્ર સભાનું સંચાલન નિલેશભાઇ ગુપ્તાએ કર્યું હતું.

વીજળીની માંગ સંતોષાતાં પલસાણાના ખેડતોએ વીજ કંપનીનો આભાર માન્યો

એક્ી રોટેશન સવારે 7 કલાકથી બપોરે 3 કલાક, બીજું રોટેશન સવારે 11 કલાકથી સાંજે 7 કલાક આપવા માંગ થઈ હતી

પલસાણા : સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ધામડોદ, તુંડી, એના, મલેકપોર અને ઘલુડા ગામના ખેડૂતોએ સુરત જિલ્લા ખેડૂત સમાજના નેજા હેઠળ ભૂતપોર DGVCL કચેરી ખાતે ખેતીની સિંચાઈ માટેની વીજળી સંપૂર્ણ દિવસ દરમિયાન ન થાય ત્યાં સુધી એક રોટેશન સવારે 7 કલાકથી બપોરે 3 કલાક સુધી તેમજ બીજું રોટેશન સવારે 11 કલાકથી સાંજે 7 કલાક સુધી આપવા માટે માંગણી કરી હતી.

GETCO અને DGVCLના એન્જિનિયરો દ્વારા આ બાબતનું આયોજન કરવાની ખાતરી આપવામાં આવી હતી, અને રવિવારથી આ રોટેશનો ચાલુ કરી દેવાશે એમ જણાવતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. રવિવારથી માંગણી પ્રમાણેના કલાકોમાં વીજળી મળતાં ખેડૂતો ભેગા થઈ પરિમલ પટેલને ગુલાબનું ફૂલ આપવા પહોંચ્યા હતા. પરંતુ એમણે આ ફૂલ DGVCLના અધિકારીઓને આપવાનું ઠીક રહેશે એમ જણાવતાં સૌ ખેડૂતોએ એમની વાતને સમર્થન આપી એમની સાથે DGVCLની ભૂતપોર ખાતેની ઓફિસે પહોંચ્યા હતા. જ્યાં સૌએ સ્થળ પર હાજર DGVCLના અધિકારીઓને ફૂલ આપી આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ આ જ રીતે સહકાર આપશો એવી આશા પ્રગટ કરી હતી. આમ ખેડૂતોની સમસ્યાનો સુખદ ઉકેલ આવ્યો હતો.

વ્યારાના રૂપવાડા ગામે ખેડૂતને સાપ કરડ્યો

વ્યારા: વ્યારાના રૂપવાડા ગામે ગાંધી ફળિયામાં રહેતા ૪૮ વર્ષિય ખેડૂત યોગેશ ઠાકોર ચૌધરીને ખેતરમાં કામ કરતી વેળાએ સાપ કરડ્યો હતો. આથી તેમને સારવાર અર્થે વ્યારાની જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાલ તેઓ સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

સંક્ષિપ્ત સમાચાર

તાપી જિલ્લામાં ૨૬મી જૂને તાલુકા અને ૨૭મી જૂને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

વ્યારા: તાપી જિલ્લામાં જૂન-૨૦૨૪નો તાલુકા સ્વાગત કાર્યક્રમ આગામી ૨૬મી જૂન, બુધવાર તથા જિલ્લા કક્ષાનો "સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૭મી જૂન ગુરુવારના રોજ યોજાશે, જેમાં ૨૭મી માર્ચના રોજ સોનગઢમાં કલેક્ટર ડો.વિપીન ગર્ગના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી, સોનગઢ ખાતે સવારે ૧૧ કલાકે, વ્યારામાં જિલ્લા વિકાસ અધિકારી વી.એન.શાહના અધ્યક્ષ સ્થાને વ્યારા મામલતદાર કચેરીમાં તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે. કુકરમુંડા તાલુકામાં પોલીસ અધિક્ષક, તાપીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી કુકરમુંડા ખાતે, નિઝરમાં જિલ્લા પ્રાયોજના વહીવટદાર સોનગઢના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી નિઝર ખાતે, ડોલવણમાં ડાયરેક્ટર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તાપીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ડોલવણ ખાતે, ઉચ્છલમાં પ્રાંત અધિકારી વ્યારાના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ઉચ્છલ ખાતે, વાલોડ તાલુકામા પ્રાંત અધિકારી નિઝરના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી વાલોડ ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાશે.

પલસાણામાં મિલમાં પતરું બદલતી વખતે નીચે પટકાયેલા મજૂરનું મોત

પલસાણા: પલસાણાના કાલાઘોડા ખાતે આવેલી સિદ્ધેશ્વર પ્રિન્ટિંગ પ્રા.લિ.માં પતરાના શેડમાં પતરા બદલતી વખતે પતરું તૂટી જતાં નીચે પટકાયેલા એક મજૂરનું મોત નીપજ્યું હતું. પલસાણાના વરેલી ગામે શિવ મંદિરની પાસે રહેતો અને મૂળ બિહારના રોહતાસનો સંદીપ રામજી રામ (ઉં.વ.23) રવિવારે કાલાઘોડા વિસ્તારમાં આવેલી સિદ્ધેશ્વર પ્રિન્ટિંગ મિલના ગ્રે વિભાગમાં પતરાના શેડનાં પતરાં બદલવા માટે ગયો હતો. પતરું બદલતી વખતે એક પતરું તૂટી જતાં તે નીચે પટકાયો હતો. જેને ગંભીર હાલતમાં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કામરેજમાં માહ્યાવંશી સમાજના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક વિતરણ

કામરેજ: માહ્યાવંશી સ્પોર્ટ્સ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ અને માહ્યાવંશી ક્રિકેટ બોર્ડ દ્વારા માહ્યાવંશી સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક વિતરણનો કાર્યક્રમ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલા મંછાબા હોલમાં સમાજના વડીલો પ્રાણજીવન ચાવડા, મનહરભાઇ સોલંકી, રાકેશભાઈ કંથારિયા, રાજુભાઈ ચાવડા તેમજ ટ્રસ્ટના પ્રમુખ તેમજ ટ્રસ્ટીઓની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો, જેમાં સમાજના કુલ 104 વિદ્યાર્થીને નિ:શુલ્ક નોટબુક વિતરણ કરવામાં આવી હતી.

વ્યારાના કાંજણના વેપારીનો મોબાઇલ ચોરાયો

વ્યારા: વ્યારા તાલુકાનાં કાંજણ ગામે સ્ટેશન ફળિયામાં રહેતા વિપુલ ખાનસીંગ ચૌધરીનો આશરે કિ.રૂ.૨૭ હજારનો મોબાઇલ તા.૮/૬/૨૦૨૪ના રોજ તેની જલાસાંઇ જનરલ સ્ટોર્સ દુકાનમાંથી બપોરે દોઢેક વાગ્યાના અરસામાં ગ્રાહકોને વસ્તુ આપતી વેળા ચોરાઇ ગયો હતો. આ મામલે તેમણે ઇ પોર્ટલ પર પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

Milano MULTIPLEX
બારડોલી
T20 WORLD CUP 2024:
INDIA VS PAKISTAN
(09/06/2024) 7:30pm
Jhmkudi (Gujrati)
01:00pm, 04:00pm,
Munjiya
10:00 am, 12:00pm,
03:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

તાતીથૈયામાં યુવકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણા: પલસાણાના તાતીથૈયા ગામે મહાદેવનગર સોસાયટીમાં રહેતા 21 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તાતીથૈયા ગામના મહાદેવનગર રહેતો અને મૂળ મધ્યપ્રદેશના અનુપપુર જિલ્લાનો સંજયકાંત સંતોષ મણીરામ ગુપ્તા (ઉં.વ.21) મજૂરીકામ કરતો હતો. ગત 8 જૂને રાત્રે 10 વાગ્યાથી બીજા દિવસે 9મી જૂનના રોજ સવારે 6 વાગ્યા દરમિયાન તેણે ઘરે પંખાની હૂંક સાથે ફાંસો ખાઈ લીધો હતો. પોલીસે આ અંગે અકસ્માત મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

બારડોલીના ગ્રુપમાં યુવા મંત્રીને બદનામ કરતી પોસ્ટ વાયરલ થતાં પોલીસ ફરિયાદ

મોટા નેતાઓ સાથે ફોટા પડાવી પ્રજામાં હાઉ ઊભો કરતો હોવાની પોસ્ટ કોઈકે વાયરલ કરી

બારડોલી: બારડોલીમાં ભાજપના યુવા મોરચાના મંત્રી ભવર સુરેશભાઈ પટેલને બદનામ કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર ફરતી થતાં પોલીસમાં લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર 5 જૂન-2024ના રોજ ભવર પટેલનો જન્મદિવસ હતો. જેથી તે બારડોલી ધારાસભ્ય ઈશ્વર પરમારની મુલાકાતે ગયો હતો અને તેમની સાથે ફોટો પણ પડાવ્યો હતો. આ ફોટો તેમણે પોતાના ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. જે ફોટો કોઈએ બારડોલી જીજે 19 નામના ગ્રુપમાં પોસ્ટ કરી "આ ભવર મારવાડી મોટા નેતાઓ સાથે આ રીતે ફોટાઓ પડાવે છે અને પ્રજામાં હાઉ ઊભો કરી ગભરાવી રૂપિયા ઉસેટવાનું કામ કરે છે" આ લખાણ સાથેની પોસ્ટ શેર કરી હતી. જેનાથી ભવરની સમાજ અને વેપારી વર્ગમાં બદનામી થઈ છે. આથી પોલીસને જાણ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

બારડોલીમાં બિઝનેસ મલ્ટીપ્લાયર વર્કશોપ યોજાયો

બારડોલી: જેસીઆઈ બારડોલી અને જેકોમ એલ બારડોલી ૧.૦ દ્વારા અને બીપીસીસીઆઈના સપોર્ટ સાથે એક દિવસીય બિઝનેસ ટ્રેનિંગ તરીકે બિઝનેસ મલ્ટીપ્લાયર વર્કશોપનું આયોજન, ભાગ્યોદય બેન્ક્વેટ હોલ ખાતે તા.૯ જૂન, ૨૦૨૪ના રોજ સવારે ૯ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું. જેમાં જેસી નિર્મલ પારેખે બિઝનેસની ટ્રેનિંગ આપી હતી. કુલ ૪૪ સ્પર્ધકે ભાગ લીધો હતો. જેસીઆઈ ઝોન ૮માંથી ઝોન કો-ઓર્ડિનેટર મિશાલ પટેલ, ઝોન ડિરેક્ટર બિઝનેસ જેસી જય રાજગોર અને ઝોન ડિરેક્ટર ટ્રેનિંગ જેસી યોગેશ્વરી રાઠોડે હાજરી આપી હતી. જેસીઆઈ બારડોલીના પ્રેસિડેન્ટ ૨૦૨૪ જેસી ડો.યજ્ઞા જગતિયા અને જેકોમ એલ બારડોલી ૧.૦ના ચેરમેન ૨૦૨૪, જેએફએમ જિતેન્દ્ર આર. શાહે પણ ઈવેન્ટ દરમિયાન માર્ગદર્શન અને સપોર્ટ પૂરો પાડ્યો હતો. આ ટ્રેનિંગ માટે બીએમડબ્લ્યૂની મેનેજમેન્ટ ટીમ, જેસી આલાપ પારેખ અને એમની ટીમે સેવા આપી હતી.

ઉચવણ ગામમાં કબ્રસ્તાનમાં દાટી દેવાયેલા બે શંકાસ્પદ મૃતદેહ મળ્યા

વાંકલ: ઉમરપાડાના ઉચવણ ગામે આવેલા કબ્રસ્તાનમાં લીસોટા પડેલા અને તાજી ખોદાયેલી કબર પર સ્થાનિકોની નજર પડતાં અજૂગતું લાગતાં તેઓએ તુરંત ઉમરપાડા પોલીસને જાણ કરી હતી. જેના પગલે સુરત ગ્રામ્ય ડી.વાય.એસ.પી. બી.કે. વનાર, ઉંમરપાડાના પી.એસ. આઈ. અર્જુન સાબડ સહિતની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને કબર પરથી માટી કાઢતાં અંદરથી બે અજાણ્યા યુવાનોના શંકાસ્પદ મૃતદેહો મળી આવ્યા હતા. જે બહાર કાઢી પ્રાથમિક તપાસ કરતાં બંનેના શરીરે ઈજાનાં નિશાન જોવા મળ્યાં હતાં. જેને લઈ એફ.એસ.એલ. ટીમની મદદ લેવામાં આવી છે. બંને યુવાનોની હત્યા કરી કોઈ અહીં મૃતદેહો દાટી ગયા હોવાનું અનુમાન છે. મૃતક યુવાનો કોણ છે? કોણે હત્યા કરી? એ જાણવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

નવાગામમાં ઘરની બાજુમાં ઝાડ કાપવા બાબતે બે પક્ષ વચ્ચે માથાકૂટ

ત્રણ જણાએ મહિલાને માર મારી, સામસામે પોલીસ ફરિયાદ

કામરેજ: નવાગામમાં ઝાડ કાપવા બાબતે મહિલાને સોસાયટીમાં રહેતા ત્રણ જણાએ માર મારતાં બે પક્ષે સામસામે ફરિયાદ નોંધાઈ હતી.

કામરેજના નવાગામમાં આવેલી શ્યામનગર સોસાયટીમાં વિભાગ-2માં મકાન નં.365માં ઈલાબેન રામજીભાઈ મારકણા રહે છે. રવિવારે સવારે 10 કલાકે સોસાયટીમાં રોડની બાજુમાં આવેલા ઝાડી તથા ફૂલઝાડ કાપવા બાબતે કામગીરી ચાલતી હતી. ત્યારે ઘરની બાજુમાં ઝાડ તથા વૃક્ષ કાપવા આપવા માટે આવતાં વનવિભાગની પરવાનગી છે અને જો વનવિભાગ દ્વારા ઝાડ કાઢવા માટે જણાવશે તો કાઢી નાંખવા માટે જણાવતાં સોસાયટીમાં રહેતાં નંદુબેન કાંતિભાઈ ધાળિયા, વિલાસબેન રમેશભાઈ જાગાણી, નીમુબેન જગદીશભાઈ જાગાણી, પુષ્પાબેન ઘનશ્યામભાઈ જાગાણીએ આવીને ઈલાબેનને જતાં રહેવાનું કહી હાથ પકડી ખેંચીને લઈ જતાં વિલાસબેનના હાથે બચકું ભરી લેતાં નંદુબેન ધાળિયા અને વિલાસબેન જાગાણી માર મારવા લાગ્યા હતા. ત્યારે અંકિત કાંતિભાઈ ધાળિયાએ પણ આવીને આને ગાડીમાં લઈ લો. આજે તો એને છોડવાની નથી. મારી નાંખવાની છે તેવી ધમકી આપતાં કામરેજ પોલીસમથકમાં ત્રણેય સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તો સામે વિલાસબેને ઈલાબેન સામે ફરિયાદ નોંધાવી હતી.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૩૪/૨૦૨૪
તા.૨૯/૦૫/૨૦૨૪

વાદી: સેફાલીબેન મહેન્દ્રભાઈ પટેલની પુત્રી અને બકુલભાઈ ઠાકોરભાઈ પટેલની પત્ની, રહે.મુપો.હલધરૂ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી બોંધાન ગ્રામ પંચાયત, તા.માંડવી, જી.સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સેફાલીબેન મહેન્દ્રભાઈ પટેલની પુત્રી અને બકુલભાઈ ઠાકોરભાઈ પટેલની પત્ની, રહે.મુપો.હલધરૂ, તા.કામરેજ, જી.સુરતએ તેઓના ભાઈ ડેનિશકુમાર મહેન્દ્રભાઈ પટેલનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ડેનિશકુમાર મહેન્દ્રભાઈ પટેલ ૨. જન્મ તારીખ: ૦૧/૦૩/૧૯૯૯ ૩. જન્મનું સ્થળ: મોજે.બોંધાન, તા.માંડવી, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ડેનિશકુમાર મહેન્દ્રભાઈ પટેલના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સાથે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૨૪/૦૬/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ રોજ તા.૨૯/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત

**જ